
# S.U.G College of Education Vasna Ahmedabad




## સ્વની સમજ

ડૉ.કિરણબેન જયંતિલાલ પટેલ

# બીબાંઢાળ ઓળખની જીવન પર થતી અસરો

- વ્યક્તિત્વનું વિઘટન
- દ્વિધા જનક મનઃસ્થિતિ ની ઉત્પતિ
- ચોક્કસ પ્રકારની માન્યતા નો વિકાર
- અલગતાવાદ અને તિરસ્કાર
- ભૂમિકા અને દરજ્જાનું નિર્ધારણ
- પરંપરાગત માનસ  નું વલણ



ડો.કિરણબેન જયંતિલાલ પટેલ

# વ્યક્તિત્વનું વિઘટન

- મિશેલ  નામના પ્રોફેસર એમના અભ્યાસોમાં જણાવે છે કે બીબાંઢાળ માન્યતાઓની અસરને પરિણામે લોકોમાં આક્રમકતા, ખાઉધરાપણું અને ધ્યાન એકાગ્રતા ની તકલીફો ઊભી થઈ હતી.  આપણી સાથેના વર્તનમાં ક્યારેક તિરસ્કાર ઉપેક્ષા કે કોઈ નિમ્ન કક્ષાનું વર્તન કરે ત્યારે એટલી ચોકસાઈ રાખવાની કે એ વર્તનની આપણા પર નકારાત્મક અસર ન ઉભી થાય.   આપણે કોઈની માન્યતાઓને ઝડપથી ન બદલી શકીએ પણ આપણા વર્તન થકી બને તો તેઓ માં જે નકારાત્મક ભાવ ઉત્પન્ન થયો એમાં બદલાવ લાવી શકીએ તો પણ ઘણું.

# દ્વિધાજનક મનોસ્થિતિ ની ઉત્પત્તિ

- આવી માન્યતાઓ સ્વવિકાસ ને ભ્રમિત અને મૂંઝવણભરી સ્થિતિમાં પણ રાખે છે દાખલા તરીકે કોઇ યુવાન કુટુંબ અને પોતાના સમવયસ્કો  વચ્ચે કેટલાક નિર્ણયો કરવામાં સતત દ્વિધા અનુભવે છે બંને અલગ ઓળખ ને મહત્વ આપે છે કારકિર્દી,   લગ્ન વિષયક માન્યતાઓમાં આવા સંઘર્ષો વધુ થાય છે આ ખુંબ  પેચીદો મુદ્દો છે અને કદાચ પ્રત્યેક વ્યક્તિએ આ તબક્કામાંથી પસાર થવું પડે છે ખૂબ જ ઝડપથી આવેગ  પૂર્વક નિર્ણય લેવાને બદલે કોઈ નિષ્ણાત કે વડીલની સલાહ લેવી વધુ કારગર નીવડે

# ચોક્કસ પ્રકારની માન્યતા નો વિકાસ

- Fiske ના અભ્યાસોમાં એ જાણવા મળ્યું કે સ્ટરિયો ટાઈપ ઓળખને કારણે કેટલાંક જૂથો ઊંચો હોદ્દો, માન-મરતબો પ્રાપ્ત કરતા હતા અને અન્યને નિમ્ન દરજ્જો મળતો હતો. આવા ભેદ પાછળ કોઈ તાર્કિક કારણો નથી હોતા. ઉચ્ચ આર્થિક-સામાજિક જૂથ હાલમાં પણ પ્રત્યેક સમાજમાં જ આ માન્યતાઓને કારણે પ્રેમ, સ્નેહ અને ઊંચો દરજ્જો પ્રાપ્ત કરે છે ઉચ્ચ ભણેલો વર્ગ સમાજમાં ઉચ્ચ ક્ષેત્રના વ્યવસાયમાં કાર્યકર્તા લોકો સમાજમાં આદર મેળવે છે આવા જૂથો ની ઓળખ વિધાયક હોય ત્યારે તેઓ આત્મસન્માન કે ગૌરવ પેદા કરાવે છે સામે પક્ષે કડિયા, પ્લમ્બર, નાનું-મોટું રીપેરીંગ કામ કરનારને આ માંન મળતું નથી. અભ્યાસોને આધારે જણાવ્યુ કે આ માન્યતાઓ જૂથમાં આદર ઈર્ષા તેમજ સ્પર્ધા પેદા કરાવે છે.

# અલગતાવાદ અને તિરસ્કાર

સ્ટિરિઓટાઇપમાં વિધાયક અને નકારાત્મક બંને માન્યતાઓ નો સમાવેશ થાય છે દા.ત ડોક્ટર ન્યાયાધીશો આચાર્યો વગેરેથી હોદ્દાઓની રુએ મોભો મળવાથી તેઓ તરફની માન્યતાઓમાં આદર જોવા મળે છે તો સામે પક્ષે મજુર કામવાળાઓ નિમ્ન કામકરનારાઓ ઘરે ઘરે ફરીને કામ કરનારાઓ  પ્રત્યેની બીબાંઢાળ માન્યતાઓ નકારાત્મક હોય છે પરિણામે સારા માણસોને પણ પૂર્વે ગ્રહો અને નિમ્ન વ્યવહારો નો સામનો કરવો પડે છે અહીં અમુક જ્ઞાતિ પ્રત્યેના વલણોમાં અલગતાવાદ એ રીતે પણ જોવા મળે છે કે ભલે તેઓ ઉચ્ચ હોદ્દા પર રહ્યા પણ અમુક તમુક જ્ઞાતિના છે માટે એમની સાથે વ્યવહાર લખાય અથવા ન રખાય એટલે હોદ્દો પણ ઊંચો હોય પણ અલગ જૂથ ના હોય તો વર્તન બદલાઈ જાય.

# અલગતાવાદ અને તિરસ્કાર

નકારાત્મક સ્ટિરિઓટાઇપ માન્યતાઓ પૂર્વગ્રહ, અલગતાવાદ, અસહિષ્ણુતા અને તીવ્ર ભેદભાવને પણ જન્મ આપે છે અને આપણે એ જ માન્યતાઓને કારણે વ્યક્તિ કે જૂથને ભયંકર અન્યાય કરી બેસીએ છીએ ઘણીવાર આપણે એવા સમાચાર જાણ્યા છે કે કોઈ દેશની વ્યક્તિઓને આવા જાતિ ભેદને કારણે ભયંકર અપમાન અપમાન સહેવાના  સંજોગો ઉભા થયા હોય

દા.ત પૂ. ગાંધીજી સાથે પ્રિટોરિયા જતા ટ્રેનમાં જે થયું એ આવી ચુસ્ત બીબાંઢાળ માન્યતા નું પરિણામ હતું આજે પણ રંગભેદની આ પરિસ્થિતિમાં ફરક પડયો નથી.

# ભૂમિકા અને દરજ્જાનું નિર્ધારણ

1. આપણી સામાજિક માન્યતા અનુસાર વ્યક્તિ પોતાના સ્વ ને  ઘડે  છે. પોતાની ભૂમિકા નક્કી કરે છે  સામાજિકરણ ની   આ પ્રક્રિયામાં stereotype માન્યતાઓજ  પ્રમુખ ભૂમિકા ભજવે છે.   વ્યક્તિજે કુટુંબ, જ્ઞાતિ  અને સમાજમાં જન્મે છે તે પ્રમાણે તે પોતાનો વિકાસ કરે છે જો સ્ત્રીઓ માટે ગૃહકાર્ય અને પુરુષો માટે કમાણી કરવાની માન્યતાઓ પ્રચલિત હોય તો તેઓએ પ્રમાણે પોતાનો વિકાસ સાધે છે અને ઉદાર અને સ્વતંત્રતા તેમ જ સમાનતા નું વલણ પ્રચલિત હોય તો બંનેને શિક્ષણ,   કારકિર્દી અને સમાન તકો પણ મળે છે અને તે પ્રમાણે તેઓ વિકાસ સાધે છે

# ભૂમિકા અને દરજ્જાનું નિર્ધારિણ

- આપણે પણ આપણા જીવનમાં આ જ માન્યતા અનુસાર આપણ ને ઢાળવાનો પ્રયત્ન કરીએ છીએ.   આ બધું અત્યાર સુધી આપણી સાથે એટલું જ સહજતાથી થયું છે કે કદાચ આપણે આ માન્યતાઓ થકી આપણે એવા બન્યા  છીએ એવી સભાનતા નથી આવી.   એ માન્યતાઓ  હકારાત્મક અને વિકાસની દિશા તરફ પ્રગતિ કરાવે છે કે એથી વિરુદ્ધ વિકાસની યાત્રાને અવરોધે છે તે અંગે હવે  પ્રત્યેક વ્યક્તિએ સભાન થવું જોઈએ અને સમાજ અને સંસ્કૃતિ ની વિકાસ યાત્રા પણ એ જ કહે છે માટે જ તો આપણે સમાજ સુધારણાના કેટલાક સારા પરિણામો પણ મેળવી શક્યા છીએ.   જેમ કે આજે સ્ત્રીઓ માટે શિક્ષણની તકો વધી છે

# પરંપરાગત માનસનું વલણ

- કેટલીક જ્ઞાતિઓ કે સમાજ આધુનિક વલણ પરત્વે  એક પૂર્વગ્રહયુક્ત માનવ ધરાવે છે,   પરિણામે પરિવર્તનને સહેજ પણ સ્થાન મળતું નથી.   આવી વ્યક્તિઓ,  સંસ્થાઓ,  જ્ઞાતિઓ, ધર્મો, સમાજ પર પરિવર્તનની કોઈ અસર થતી નથી.   સમય એમની ઉંમરમાં વધારો કરે છે પણ બીજો કોઇ જ ફેરફાર જોવા મળતું નથી. તેઓની જીવનશૈલી, માન્યતાઓ,  વિચારસરણી, કાર્યપદ્ધતિ, પહેરવેશ ખાન-પાનની ટેવો વગેરેમાં ધરખમ ફેરફાર થતો નથી. એમનું આમ  હોવું જ એમ ની  ઓળખ હોય  છે. આપણા  અનુભવમાં કેટલીક એવી  વ્યક્તિઓ  જોવા  મળે  છે જે  સમયાનુસાર બિલકુલ ન બદલાય. એ  લોકો પોતાને એકદમ ચુસ્ત માનતા હોય છે.

# પરંપરાગત માનસ નું વલણ

- એક વખત સ્વ ઘડાયા પછી એમાં પરિવર્તન લાવવાની તકોને અત્યંત સીમિત કરી દેવામાં આવે તે બાબત હિતકારી થાય કે સામૂહિક આત્મહત્યા છે સામાજિક શાંણપણ ને ફરી યાદ કરીએ તો કુવામાંના દેડકા બનીને જીવવાનું સલામતી ભર્યું લાગે અને તેને જિંદગીભર વળગી રહે તે બિંબા ઢાળ સ્વ. બીબાં ઢાળ માન્યતાઓની  આ સૌથી વધુ નકારાત્મક અસર છે, અને તે હજી પણ આપણા જીવનને પ્રભાવિત કરી રહી છે

# Thank You




From

Dr. Kiranben jayantilal pate